EDII

Divyabhaskar (Citybhaskar)

November 12, 2017
Page No.1

# ઉદ્યોગસાહસિકો માટે 'ફેમિલી બિઝનેસ' વર્કશોપ

## વર્કશોપમાં 250 આંત્રપ્રિન્યોરર્સે ભાગ લીધો

**Talk on entrepreneur**

સિટી રિપોર્ટર | અમદાવાદ

કુટુંબની માલિકી ધરાવતાં વ્યવસાયોમાં આગામી પેઢીને સુકાન સોંપવા માટેની યોજનાનું મહત્વ સમજાવવા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) દ્વારા 'ફેમિલી બિઝનેસ'વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 250 ઉદ્યોગસાહસિકોએ ભાગ લઈને ફેમિલી બિઝનેસને કેવી રીતે આગળ વધારી શકાય તે માટેની એક્સપર્ટ ટિપ્સ મેળવી હતી. ભારતમાં વારસાગત ચાલી આવતો બિઝનેસ નવી પેઢીના હાથમાં સારી રીતે ગ્રોથ કરી શકે તે માટેનું માર્ગદર્શન આપવા વર્કશોપનું આયોજન કરાયું હતું.

આ અંગે ઈડીઆઈઆઈનાં ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લાએ કહ્યું કે,'ફેમિલી બિઝનેસનાં મહત્તમ માલિકો અને વારસદારો ગુજરાતમાંથી બહાર આવ્યાં છે. સામાન્ય રીતે વારસદારો ફેમિલી બિઝનેસની કમાન સંભાળે છે ત્યારે તેમને વિવિધ સમસ્યાનો સામનો કરવો પડે છે, જેને દૂર કરવા અમે ફેમિલી બિઝનેસ ક્લિનિકની યોજના બનાવી છે. અહીં સારી એવી સંખ્યામાં સહભાગીઓ ઉપસ્થિત છે, જે અમારી માન્યતાને મજબૂત કરે છે.'